# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/175 Dt. 09/10/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અમેરિકામાં બિઝનેસના વિસ્તરણ અંગે સેમિનાર યોજાયો

## અમેરિકામાં બિઝનેસ કરતા પહેલાં માર્કેટ રિસર્ચ જરૂરી, ટેરિફ તો છે જ પણ એની સામે તકો પણ ઘણી છેઃ ઈન્ડમ એડવાઈઝર્સનાં સ્થાપક સુશ્રી શીતલ અગ્રવાલ-દેસાઈ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવારે, તા. ૦૮ ઓકટોબર ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે "USAમાં બિઝનેસના વિસ્તરણનું આયોજન કરતી વખતે શું ધ્યાનમાં રાખવું જોઈએ" તેના વિષે સેમિનાર યોજાયો હતો. આ સેમિનારનો ઉદ્દેશ સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગસાહસિકો અને વેપારી અગ્રણીઓને માર્ગદર્શન આપવાનો હતો, જેઓ વિશ્વના સૌથી સ્પર્ધાત્મક અને તકોથી સમૃદ્ધ બજારોમાંના એક એવા યુનાઇટેડ સ્ટેટ્સમાં પોતાનો બિઝનેસ વિસ્તૃત કરવા માગે છે.

ઈન્ડમ એડવાઈઝર્સનાં સ્થાપક સુશ્રી શીતલ અગ્રવાલ-દેસાઈએ કહ્યું કે, ટેરિફ લાગવા છતાં આપણે સકારાત્મકતા શોધવી જોઈએ. અમેરિકામાં બિઝનેસ કરવા અંગે ભારતીયોમાં ઘણી બધી

ગેરમાન્યતાઓ છે. જેમ કે અમેરિકામાં કંપની શરૂ કરવા કાયમી વસવાટ-પીઆર જોઈએ, પણ એવું નથી. અમેરિકામાં પ્રોડક્ટ કે સેવાઓ શરૂ કરવા માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો, પાલનની જોગવાઈઓ વિશે તેમણે સમજણ આપી હતી.

માર્કેટ રિસર્ચ પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, અમેરિકા વિશાળ બજાર છે, ટેરિફ છતાં આપણી પાસે તકો રહેલી છે. ટેરિફની અસર અમેરિકાના નાગરિકો પર વધારે થવાની છે. ટેરિફ છે તો એની સામે પ્રોત્સાહનો પણ છે જેની ખબર હોવી જોઈએ. વધુમાં તેમણે અમેરિકામાં મળતી સબસિડી, ગ્રાન્ટ, વેચાણ વેરા મુક્તિ વિશે પણ માહિતી આપી હતી. બિઝનેસની છૂટ આપતી વિઝા શ્રેણીઓ અને ઇમિગ્રેશન ચેક વિશે સમજાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સેમિનારમાં ચેમ્બરના માનદ્ ખજાનચી સી.એ. મિતિષ મોદી, ઈન્ડમ એડવાઈઝર્સના સહ-સંસ્થાપક શ્રી અમાનત કાગઝી તેમજ ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ડમ (INDAM) એડવાઈઝર્સના સહસ્થાપક શ્રી અશફાક કલકત્તાવાલાએ ઈન્ડમ એડવાઈઝર્સની સ્થાપના શા માટે કરવામાં આવી એ વિશે અને તેનાં કાર્યો અંગે માહિતી આપી હતી. SGCCI ગ્લોબલ કનેક્ટના સીઈઓ શ્રી પરેશ ભટ્ટે વક્તાનો પરિચય આપ્યો હતો તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના ગ્રૂપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમ વિશે માહિતી આપી આભારવિધિ કરી હતી.